જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૧/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૯૩૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | 3 | ૧૦૬૮૧ | ૧૬૮૧૨ | 3 | ૧૬૮૧૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૧૫ | 3 | ૧૫૩૧૮ | ૧૬૧૫૯ | 3 | ૧૬૧૬૨ |
| | કુલ | ૩૦૩૯૧ | ૬ | ૩૦૩૯૭ | ૩૯૦૫૮ | ૬ | ૩૯૦૬૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬ | ૧૨,૩૬,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪૨ | ૧૧,૪૨,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ પર કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૮૮ લીટર દેશી દારૂ અને ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૩૬/૨૦૨૦**

**શહેરકોટડાઃ** દીનેશકુમાર રામચરણ અગ્રવાલ (રહે. અન્નપુર્ણા સોસાયટી ચંન્દ્રપ્રસાદ દેસાઇ હોલની બાજુમાં બાપુનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૦ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન ગાભાજી મંગાજીની ચાલીના નાકે આવેલ ખેમચંદ રામચરણ (બોમ્બેવાળા) નામની કરીયાણાની દુકાનનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનના કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૩૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**સરખેજઃ** ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ શેખ (રહે.નેહરુનગર સંગમ સિનેમા પાછળ એરોમા એસ્ટેટની બાજુમાં મકરબા સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી બપોરના ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૭/૨૦૨૦**

**કારંજઃ** સુધાબહેન નિકેશભાઇ બ્રહ્મભટ્ટ (ઉ.વ.પર) (રહે.શિતલકુંજ સોસાયટી માજલપુર નાકા વડોદરા) તા.૦૮/૧૧/૨૦૨૦ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે લાલદરવાજા જીલ્લા પંચાયત સામે કટલરીની લારી પાસે ખરીદી કરતા હતા ત્યારે સુધાબહેનના પર્સમાંથી સોનાનુ મંગળસુત્ર, સોનાની બુટ્ટી નંગ-૩, સોનાની નથણી, સોનાનો ટીકો, મળી કુલ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૩૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સુધાબહેન બ્રહ્મભટ્ટ એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩૮/૨૦૨૦</u>**

**નરોડાઃ** અંજલીબહેન વા/ઓ વિજયભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૧) (રહે. અવની એપાર્ટમેન્ટ યુનિયન બેન્ક સામે નરોડા) તા.૦૬/૧૧/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા મામા કલ્યાણ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ અંજલીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અંજલીબહેન ત્રિવેદીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિંહ રૂપસિંહ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩૯/૨૦૨૦</u>**

**વસ્ત્રાપુરઃ** હારૂન જહાંગીરબૈગ મીર્ઝા (રહે. હયાત રેસીડેન્સી, સરખેજ) એ તા.૦૫/૧૧/૨૦૨૦ ના બપોરના ૨/૫૫ વાગે એસ.જી.હાઈ-વે ગુરુદ્વારા પાસે આવેલ હોન્ડા લેન્ડમાર્ક શો-રૂમ ખાતે સફારી ગાડીમા આવેલ બે પુરૂષ પૈકી એક પુરૂષ હોંડા કંપનીની હોન્ડા સીટી વી.એક્ષ.એમ.ટી. મોડલની સફેદ રંગની કાર કિમત રૂપિયા ૧૨,૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયો હતો. આ અંગેની ફરીયાદ હારૂન મીર્ઝાએ તા.૦૮/૧૧/૨૦૨૦ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભાવનાબહેન ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪૦/૨૦૨૦</u>**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કાળુભાઈ ઉર્ફે કાલુભાઈ કુકારામ ઉર્ફે કુકાજી ચૌહાણ (ઉ.વ.૪૭) (રહે.ફતેપુરા પાણીની ટાંકી પાસે પાલડી) તા.૦૮/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પાલડી સર્કલ પાસે જુનેજા પરોઠા હાઉસ સામે ડીવાયડર નજીક્થી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે બસ નંબર જીજે ૧૮ ઝેડ ૪૩૮૧ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કાળુભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ વિશનારામ કુકારામ ચૌહાણે "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી વી.આર.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી